GUJARAT INTRUX LIMITED
STEEL AND ALLOY STEEL
CASTING MANUFACTURERS

GIL/SEC/JAN/021/2022-23

January 28, 2023

To,
BOMBAY STOCK EXCHANGE LTD.
25th FLOOR, P. J. TOWER
DALAL STREET,
MUMBAI-400 001.

SUB.: PUBLICATION OF FINANCIAL RESULTS IN NEWSPAPER

Dear Sir/Madam,

With reference to above subject, we enclosed herewith copy of Newspapers Cutting of Financial Results published in the following Newspapers.

(1) **The Economic Times** English language (Ahmadabad Edition)
Dated January 28, 2023, Saturday.

(2) **Nav Gujarat Samay** Gujarati language (Ahmadabad Edition)
Dated January 28, 2023, Saturday.

Kindly take the same in your record.

Thank you

Yours sincerely,
For **Gujarat Intrux Limited**

RAJYAGURU SAGAR RAMESHBHAI
Digitally signed by RAJYAGURU SAGAR RAMESHBHAI
Date: 2023.01.28 15:12:04 +05'30'

SAGAR RAJYAGURU
Company Secretary & Compliance Officer

Encl.: As above

CIN No. L27100GJ1992PLC016917
REGD. OFFICE & WORKS :
Survey No. 84/P.
17 Km. Rajkot-Gondal Road,
Village Shapar. Pin-360 024.
RAJKOT (INDIA)

Phone : +91 - 2827 - 252851
e-mail : info@intricastindia.com,
info@gujaratintrux.com
Website : www.intricastindia.com
www.gujaratintrux.com

Transformations for a New India

ANIL AGARWAL
Vedanta Group, Chairman

As we proceed into 2023, the world is in the midst of many transformations. The most visible one which makes headlines is energy transition as countries move towards renewable energy and sustainable practices. A more silent but equally important revolution is happening in digital transition. India is emerging as a leader in both these sectors. The potential for growth, new entrepreneurship, jobs via the supply chains that underlie transformations is massive. We must drive forward with even more momentum and depth.

The digital revolution has already brought with it big improvements in productivity and the way we work. In a country like India, it has proved to be a force for the inclusion of previously marginalised groups into the economic mainstream. There is the ease of receiving government benefits without any siphoning off. There is the ease of making payments to families who may live at a distance. Farmers can get the latest information on weather and sowing on their mobile phones. Small businesses can access marketplaces, online and offline. And this is just the beginning.

India has done remarkably well on the software side of the digital revolution. Our UPI is the world's best. As is our use of the Jan Dhan-Aadhar-Mobile trinity. Now, we must become world beaters on the hardware side. An ever-expanding digital revolution requires a strong base in the electronics manufacturing value chain so that India does not become import-dependent in this strategic sector. In recent years, a lot has been achieved in bringing the final assembly of electronics, like mobile phones, to India. The government must be complimented on its progressive policies which have aided this. Now, the time is ripe to enter other parts of the value chain.

CHIPS ARE UP

Only 4 countries make both semiconductors and display glass. India is in pole position to become the fifth

The two most fundamental pillars of any electronics ecosystem are semiconductors and display glass. Practically any electronic device you can think of — mobile, TV, laptop, car dashboard — has the semiconductor as its brain and display glass as its body. No device can be made without both elements. And only a handful of countries, actually four, manufacture both semiconductors and display glass. India is in pole position to become the fifth after the government announced excellent policies for both sectors in December 2021 followed by an enlightened modification a few months ago. Prime Minister (Narendra) Modi has a great vision for the electronics ecosystem in India and the policies reflect his ability to think big and long. If states supplement the Union government policies with appropriate incentives, there will be many interested investors. Certainly, I am inspired by the PM's vision and plan to set up both semiconductor and display fab units beginning this year. We must build a Silicon Valley in India just like Indians played a big role in building a Silicon Valley in the US.

The energy transition, in which we must succeed, is going to be mineral-intensive. A lot of focus is on the new-age minerals like lithium, nickel, cobalt and rare earths which are crucial in manufacturing batteries and other equipment. That is a good thing and India must strive to explore these minerals both in the country and overseas. At the same time, the use of metals like copper and aluminium will also grow exponentially as most of the hardware for the energy transition requires these metals in much larger quantities than earlier technologies did. India should not lose its potential and advantage in these metals.

In the new year, we should focus our energies on working to cement our leadership in the emerging sectors of the global economy. While doing so, let us not forget that transitions do not happen overnight and that the "old" economy will continue to be important and provide opportunities for growth and employment (oil and coal for example) for the next decade. No country can marry the old and the new like India whose civilization is ancient and modern at the same time.

Bids for ₹41,000-crore Port Project Today

Our Bureau

New Delhi: The Centre has invited bids for the Rs 41,000 crore Mega International Container Transhipment Port (ICTP) to be set up at the Galathea Bay of Great Nicobar Island of Andaman and Nicobar Islands. An official statement said that bids are being invited on Saturday.

The government is targeting to complete the terminal in 2028 with a handling capacity of 4 million Twenty Foot Equivalent Units (TEUs).

A TEU is an approximate unit of measure used for cargo containers. The capacity of the port will increase to 16 Million TEUs in the ultimate stage of development.

"Progressive steps are being taken by the government under the leadership of Prime Minister Narendra Modi. The transhipment terminal will offer top notch facilities to the stakeholders in the maritime trade sector," Sarbananda Sonowal, Minister for Ports, Shipping and Waterways told ET in New Delhi.

The estimated cost for Phase 1 of the proposed transhipment port is around Rs 18,000 crore which includes the construction of breakwaters, dredging, reclamation, berths, storage areas, building and utilities, procurement and installation of equipment and development of port colony with core infrastructure to be developed with the government support, the statement said.

મુખ્યમંત્રીએ વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત વીસીસીઆઇ-એક્સ્પોની 12મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું

વિશ્વના ઉદ્યોગોની પ્રથમ પસંદગી ગુજરાત : CM

નવગુજરાત સમય > વડોદરા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અર્થતંત્રની કરોડરજ્જુ સમાન લઘુ, મધ્યમ અને સુક્ષ્મ ઉદ્યોગોના સર્વાંગી વિકાસ માટે ચાર આઈના મંત્ર ઉપર ભાર મૂકતા જણાવ્યું છે કે, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇન્ટીગ્રીટી, ઇન્ક્લ્યુઝિવ ડેવલપમેન્ટ અને ઇન્ટરનેશનલ આઉટલૂકના સમન્વયથી ઔદ્યોગિક એકમોનું ઉત્પાદન વૈશ્વિક હરિફાઇ કરી શકશે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આપેલા આ ચાર આઇના મંત્ર ઉપર ઉદ્યોગકારોએ ફોકસ કરવાની જરૂરિયાત છે એમ તેમણે ઉમેર્યું હતું.

વડોદરા ખાતે વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ આયોજિત વીસીસીઆઇ - એક્સ્પો ૨૦૨૩ના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, એમએસએમઇ ગુજરાતનું અભિન્ન અંગ છે અને રાજ્યમાં હાલમાં ૮.૯૯ લાખ જેટલા આવા ઉદ્યોગો ધમધમી રહ્યા છે. આ ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રકારના કદમો ઉઠાવવામાં આવ્યા છે.

તેમણે એમ પણ કહ્યું કે, વિશ્વના ઉદ્યોગો ભારત તરફ આકર્ષાયા છે અને તેમાં ભારતમાં રોકાણ કરવામાં ગુજરાત સૌથી પ્રથમ પસંદગી છે. આપણે વિદેશ જઈએ ત્યારે ખ્યાલ આવે છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના કારણે મોટા રોકાણકારો ગુજરાત ઉપર પસંદગીનો કળશ ઢોળે છે. દેશના ડિફેન્સ તથા એરોસ્પેસ ક્ષેત્રમાં સૌથી મોટું રોકાણ વડોદરામાં થયું છે. આ રોકાણ સાથે એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ માટે નવી ઇકોસિસ્ટમનો વિકાસ થશે. વડોદરાની એવિએશન હબ તરીકે નવી ઓળખ મળશે, તેનો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.પ્રારંભે વીસીસીઆઇના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ વેળાએ વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લા, મેયર અને ધારાસભ્ય કેયુર રોકડિયા, સાંસદ રંજનબેન ભટ્ટ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય મનિષા વકીલ, ધારાસભ્ય યોગેશ પટેલ, ચૈતન્ય દેસાઇ, ભાજપના પ્રદેશ મહામંત્રી ભાર્ગવ ભટ્ટ અને શહેર ભાજપ પ્રમુખ ડૉ. વિજય શાહ, વીસીસીઆઇના પ્રમુખ એમ. પી. પટેલ, મંત્રી જલેન્દુ પાઠક, કલેક્ટર અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્ર પટેલ સહિત ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

સયાજી કાર્નિવલ સંસ્કૃતિ - કળા - વિચારોને પ્રદર્શિત કરતું મંચ છે : ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત ૫૦મા બાળમેળાને ખુલ્લો મૂક્યો હતો. તા. ૨૭ જાન્યુ. થી તા. ૨૯ જાન્યુ. સુધી ચાલનારા આ આકર્ષક ત્રિદિવસીય બાળમેળામાં આનંદ બજાર, એડવેન્ચર ઝોન, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિસરાતી રમતો, શૈક્ષણિક પ્રોજેક્ટ સહિત અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો વિદ્યાર્થીઓ, વાલીઓ અને નગરજનો લાભ લઇ શકશે. સયાજી કાર્નિવલના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રીએ જી-૨૦ની થીમ 'વસુધૈવ કુટુંબકમ'ના મંત્રને કેન્દ્રમાં રાખીને બાળમેળાના આયોજન બદલ શિક્ષણ સમિતિને ગૌરવસહ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, જેમ વિવિધતામાં એકતાવાળો આપણો આ દેશ છે, તેમ સયાજી કાર્નિવલ આવી જ વિવિધતાઓ, સંસ્કૃતિઓ, કળાઓ અને વિચારોને પ્રદર્શિત કરતું મંચ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ બાળમેળામાં જી-૨૦ની થીમને કેન્દ્રમાં રાખી હોવાથી બાળકોને જી-૨૦ સમિટ વિશે માહિતી અને જાણકારી મળશે. જી-૨૦ સમિટ અંતર્ગત સમગ્ર દેશમાં ૨૦૦થી વધારે કાર્યક્રમો થવાના છે, જેમાંથી ૧૫ જેટલા કાર્યક્રમો ગુજરાતમાં યોજાવાના છે. આ વખતનીનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, આપણા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં જે રીતે આપણો દેશ વિકાસમાં હરણફાળ ભરી રહ્યો છે, તેનાથી બીજા દેશો અને તેના પ્રતિનિધિઓ રૂબરૂ થાય, તેવું મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. બાળગોઠિયાઓના વાક્ કૌશલ્યથી અભિભૂત થયેલા મુખ્યમંત્રીશ્રીએ કોર્પોરેશનની શાળાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. તેમણે પોતે ધો.૧ થી ધો. ૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ કોર્પોરેશનની શાળામાં લીધું હોવાનું જણાવી, શાળામાં શિક્ષકો પૂરતું ધ્યાન આપતા હોવાનું અને શિક્ષકો વિદ્યાર્થીઓની દરકાર રાખીને કામ કરી રહ્યા હોવાનું ભાવપૂર્વક જણાવ્યું હતું.નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ હિતેશ પટણીએ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કર્યું હતું.

1344 કરોડનો ખર્ચ થશે: 28 માળનું ભવન બનશે

દેશમાં સૌથી ઊંચા સુરત પાલિકાના નવા ભવનનું આજે મુખ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત

નવગુજરાત સમય > સુરત

સુરત મહાનગરપાલિકાના નવા વહીવટી ભવનનું શનિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સાંસદ સી.આર. પાટીલની હાજરીમાં ખાતમુહૂર્ત થશે. મુગલસરાઈમાંથી આ સ્થળે મુખ્ય વહીવટીભવન ખસેડવા માટેની પાલિકાના સત્તાધીશોની ખેવના 18 વર્ષ બાદ વાસ્તવિકતાના ડગલા ભરશે. રૂ. 1344 કરોડના ખર્ચે સાકાર થનારા 28 માળના આ બે બિલ્ડિંગ સાથેના આ વહીવટી ભવનમાં એક બિલ્ડિંગમાં અન્ય સરકારી ઓફિસો પણ હશે. ઉંચાઈની દ્રષ્ટિએ આ દેશમાં સૌથી ઉંચુ કોઈ સરકારી કચેરીનું વહીવટી ભવન હશે.

સુરત મહાપાલિકા 1344 કરોડનું દેશનું સૌથી ઉંચુ વહીવટી ભવન બનાવશે. જેમાં 4 માળ અંડરગ્રાઉન્ડમાં 4400 વાહનો પાર્ક થશે. શનિવારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં આ વિશેષ પ્રકલ્પનું ખાતમુહૂર્ત કરાશે. શનિવારે 28મી જાન્યુઆરીએ બપોરે 3.30 વાગ્યે રિંગરોડ-ઉધના દરવાજા પાસે આ ખાતમુહૂર્તને કાયક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં પાલિકાના અન્ય પ્રકલ્પોની તકતીઓનું પણ અનાવરણ કરાશે.નવું વહીવટી ભવન 36 મહિનામાં બનશે, દક્ષિણ ગુજરાતની 105.4 મીટરની સૌથી ઉંચી બિલ્ડિંગ હશે. પાલિકાએ ઈજારો આપ્યો છે, તેમાં 5 વર્ષના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

નવા વહીવટી ભવનમાં 36 લિફ્ટ હશે

હેલિપેડ સાથેની સુવિધા ધરાવતી દ.ગુ.ની સૌથી ઉંચી ઇમારત અને દેશની સૌથી ઉંચુ ઉંચાઇ ધરાવતી સરકારી કચેરી સુરત પાલિકાના સૂચિત નવા વહીવટી ભવનમાં 36 લીફ્ટની સુવિધા રહેશે.

1500 કાર અને 2900 સ્કૂટર પાર્કિંગની કેપેસિટી

આઇકોનિક પ્લસ 28 માળની બંને બિલ્ડિંગ શહેરની સૌથી ઊંચી ઇમારત બની જશે. બિલ્ડિંગના આઇકોનિક 4 માળ સુધી નીચે બેઝમેન્ટ બનશે. જ્યાં 1500 કાર, 2900 ટુવ્હિલ પાર્ક થઇ શકશે. નવા ભવનમાં સામાન્ય સભા માટેના હોલમાં 200 લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરાશે. 100ની ક્ષમતા સાથેનો સ્થાયી સમિતિનો હોલ અને 35 લોકોની ક્ષમતા વાળા 6 કમિટી રૂમ, 50 મુલાકાતીઓ બેસી શકે તેટલી ક્ષમતા સાથેની કમિશનર ઓફિસ હશે.105.4 મીટર ઊંચાઇના બે ટાવરના ટેરેસ પર સોલાર પ્લાન્ટ સ્થપાશે. જેથી બિલ્ડિંગમાં વીજળી ઉપકરણો કાર્યરત રહે.

વિકાસના વિવિધ કામો પાછળ રૂપિયા 950 કરોડનો ખર્ચ કરાશે

વડોદરા મનપાના ઈતિહાસનું સૌથી મોટું 4761 કરોડનું રજૂ થયું બજેટ

નવગુજરાત સમય > વડોદરા

વડોદરા મહાનગરપાલિકાના ઈતિહાસનું સૌથી મોટ રૂપિયા ૪૭૬૧ કરોડનું વર્ષ ૨૦૨૩-૨૪નું ડ્રાફ્ટ બજેટ આજરોજ મ્યુનિસિપલ કમિશ્નર બંછાનિધી પાનીએ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કર્યું હતું. જેનું કદ ગત વર્ષના બજેટ કરતાં લગભગ રૂપિયા ૯૦૦ કરોડ વધુ છે. જેમાં શહેરના વિવિધ વિકાસના કામો કરવા માટે નાણાંકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે રૂપિયા ૭૯.૪૭ કરોડનો કરદરનું સૂચન કર્યું છે. આ ઉપરાંત વડોદરા શહેરની હદમાં વધુ સાત કામોનો સમાવેશ થયો છે, જેથી વિકાસના કામોમાં વધારો કરવાની ફરજ પડી છે કોર્પોરેશન વિવિધ વિકાસના કામો પાછળ ૯૫૦ કરોડનો ખર્ચ કરવા જઈ રહ્યું છે. આમ વડોદરા મનપાનું બજેટ ૩૮૩૮.૬૭ કરોડથી વધી પર રૂપિયા ૪૭૬૧ કરોડ પહોંચશે

આજે મ્યુ.કમિશનર બંછાનિધિ પાનીએ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરેલા વર્ષ ૨૦૨૨-૨૩ના રિવાઇઝ તથા ૨૦૨૩-૨૪ના ડ્રાફ્ટ બજેટ અંગે પત્રકારોને જણાવ્યુ હતુ કે, છેલ્લા કેટલાક વર્ષમાં શહેરની હદમાં થયેલા વધારાને કારણે નગરજનોની જરૂરીયાત અને અપેક્ષાઓમાં નોંધનીય વધારો થયો છે. એપ્રિલ ૨૦૨૨થી શરૂ થયેલા નાણાંકીય વર્ષ મ્યુનિ. બોન્ડના ઈતિહાસમાં પ્રથમ વખત વડોદરા મહાનગરપાલિકા દ્વારા રૂપિયા ૧૦૦ કરોડના બોન્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જેના પગલે વિકાસના કામોને વેગ મળી રહ્યો છે. તે જ પ્રકારે અમૃત યોજના હેઠળ વીએમસીએ આપવાપાત્ર ફાળાની રકમ પૈકીના રૂપિયા ૨૦૦ કરોડ સુધીની રકમ મ્યુનિ. બૉન્ડ થકી ઉગવવા માટે સામાન્ય સભાએ મંજૂરી આપી છે. આમ આગામી દિવસોમાં રૂપિયા ૧૫૦ કરોડ માટે ગ્રીન બોન્ડ બહાર પાડવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

વડોદરાની ઐતિહાસીક ઈમારતો જેવી ન્યાયમંદિર, લાલકોર્ટ જેવી ઈમારતોને ધ્યાનમાં લઈને વડોદરાને હેરીટેઝ સિટીનો દરજ્જો મળે તેના માટેનું ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. વડોદરા આંતરરાષ્ટ્રિય કલ્ચરલ સેન્ટર બનાવવાની સાથે એક હેરીટેઝ સ્ક્વેર તૈયાર કરવામાં આવશે. તેને અવરોધતાં તમામ પ્રકારનો દબાણો પણ દૂર કરી દઈને હેરીટેઝ સિટીને વિકસાવવાશે.

ચાર ઝોનમાં ૨૦૦ ઇ-બસ ઉપરાંત ડોર ટુ ડોર -સ્પોર્ટ ગારબેજ કલેક્શન માટે ઇ વ્હીકલ્સનો જ ઉપયોગ કરવાનું આયોજન છે. આખા શહેર માટે ઈવી પોલીસ ૫ જ બનાવવાનું આયોજન છે. ટ્રાફીક અને ફાટક મુક્ત વડોદરા બનાવવા માટે સુશેન જંક્શન અને વુડા જંક્શન પાસે ફ્લાય ઓવર બ્રીજ તૈયાર કરાશે. કાલાઘોડા વિશ્વામિત્રી નદી ઉપર બ્રીજ વાઇડનીંગની કામગીરી કરાશે.

ઓજી વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનું નેટવર્ક વિસ્તારમાંને પ્રાધાન્ય આપ્યું છે. કોર્પોરેશન પાણીનું નેટવર્ક વિસ્તાર માટે ભાયલી, ઊંડેરા, તરસાલી, કરોડિયા, બિલ, વેમાલી ગોરવા, નિમેટા લાઈન, બાપોદ જાંબુડીયાપુરા, ઓજી વિસ્તારમાં અંદાજે વીસ જેટલા પ્રોજેક્ટ પાછળ ૮૧૧.૧૩ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત રામેશરા કેનાલ તથા રાયકા ફ્રેન્ચવેલથી નવો પાણીનો સ્રોત ઊભો કરવા ૫૦૫ કરોડનો ખર્ચ કરાશે.રમત ગમતની પ્રવૃત્તિને વેગ મળે તેના માટે છોટુભાઈ પુરાણી પેવેલીયન ખાતે રૂપિયા પાંચ કરોડના ખર્ચે ફૂટબોલ ગ્રાઉન્ડ અને સ્કેટીંગ રીંક, ગોત્રી વિસ્તારમાં નવીન ક્રિકેટ પીચ, તતા સરદાર બાગ તથા લાલબાગ સ્વિમિંગ પુલનું નવીનીકરણ તેમજ સયાજીપુરા વિસ્તારમાં પીપીપી મોડલ થતી સ્પોટસ કોમ્પ્લેક્ષ ઉભુ કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગદ્દારીની શંકાને લીધે મિત્રને મોતને ઘાટ ઉતાર્યો હતો

સુરતમાં હત્યા કરી ફરાર થયેલો આરોપી 28 વર્ષે કેરળથી પકડાયો

નવગુજરાત સમય > સુરત

સુરતમાં સન 1995માં મિત્રની હત્યા કરીને ફરાર થઈ ગયેલા હત્યારાને 28 વર્ષ બાદ પકડી પાડ્યો હતો. સુરતમાં હત્યા કરીને ભાગી ગયો હતો ત્યારે આરોપી માત્ર 23 જ વર્ષનો હતો, હાલમાં તે પકડાયો ત્યારે તેની ઉંમર 52 વર્ષની છે. હત્યારા કૃષ્ણ પ્રધાનને પકડવા સુરત પોલીસ છેલ્લા દોઢ વર્ષથી મહેનત કરતી હતી. ઓળખ બદલીને કેરળમાં મિસ્ત્રી કામ કરતો હતો પરંતુ પોલીસને મળેલું તેનું લગ્નનું પ્રમાણપત્ર તેની નવી ઓળખ અને નવા સરનામા સુધી દોરી ગયું હતું.

23 વર્ષની ઉંમરે મિત્ર પર અવિશ્વાસ રાખી હત્યા કરી ઓડિશા અને ત્યાર બાદ કેરળ નાસી છૂટેલાને સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે 52 વર્ષની ઉંમરે ઝડપી પાડ્યો છે.સુરત શહેર ક્રાઈમ બ્રાંચના પી.આઈ. લલિત વાગડિયા કહે છે કે, પાંડેસરા પોલીસ મથકમાં વર્ષ 1995માં નોંધાયેલા હત્યાના ગુનામાં સંડોવાયેલો અને છેલ્લાં 28 વર્ષથી પોલીસ પકડથી બચી રહેતા વોન્ટેડ આરોપી કૃષ્ણ રઘુનાથ પ્રધાનને કેરળના અદૂરમાંથી પકડી પાડવામાં સફળતા મળી છે. આરોપી કૃષ્ણ પ્રધાનને ઝડપી પાડ્યા બાદ પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે વર્ષ 1995ની સાલમાં તે અને તેના સાગરિતો સુરતમાં પાંડેસરા સ્થિત સિદ્ધાર્થનગરમાં રહેતા હતાં. નજીકમાં એક કારખાનામાં મજૂરીકામ કરતા હતા. તેઓ સાથે કામ કરતા હતા. રૂમમાં ભાડે પણ સાથે જ રહેતા હતા. આ મિત્રોમાંથી એક મિત્ર શિવરામ ઉદય નાયક રોજના કામકાજમાં અને તમામ બાબતોમાં સાથી મિત્રોને ગેરમાર્ગે દોરતો હતો. તે હંમેશા જૂઠ્ઠું બોલીને તેમની સાથે ગદ્દારી કરતો હતો. એવી તેમને શંકા હતી. એટલે, આ મુદ્દે ઉશ્કેરાઈને તા. 04-03-1995ના રોજ રાત્રે નવેક વાગ્યાના અરસામાં શિવરામ નાયકને ઘરેથી વાત કરવાના બહાને બહાર લઈ ગયા હતા. તલવાર અને ચાકુથી કૃષ્ણ પ્રધાન અને બિરેન શેઠ્ઠી નામની વ્યક્તિએ હત્યા કરી નાખી હતી.

જામનગર પાસે કાર ટ્રકની પાછળ ઘૂસી: ત્રણનાં મોત

નવગુજરાત સમય > જામનગર

જામનગર-રાજકોટ હાઈવે પર કાર ટ્રકની પાછળ ઘુસી જતા સાસુ-જમાઈનાં ઘટનાસ્થળે મોત થયાં છે, જ્યારે અન્ય ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એમાં સારવાર દરમિયાન એક બાળકનું પણ મોત થયું છે.

જામનગરનો પરિવાર હોન્ડા સિટી કારમાં મોડી રાત્રે રાજકોટમાં લગ્ન પ્રસંગમાં જઈ પટેલ પરિવાર પરત ફરી રહ્યો હતો. ત્યારે ધ્રોલથી આગળ જાયવા ગામ પાટિયા પાસે આવેલી આશાપુરા હોટલ સામે કાર ચાલુ ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. કારમાં સવાર પાંચ પૈકી બે લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ત્રણ લોકોને ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં એક બાળકનું મોત થયું છે.જ્યારે અકસ્માતમા ઈજાગ્રસ્ત બે લોકોની સારવાર ચાલી રહી છે.